(૫૫)

# ગુજરાત સરકાર

પત્ર નંબર : હદપ/૧૮૧૦/૨૯૬૬/મ
ગૃહ વિભાગ,
૨,સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૫/૨૦૧૦

પ્રતિ,
સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.

વિષય : જમ્મુ કાશ્મીર તથા અન્ય રાજ્યોમાંથી મેળવેલ હથિયાર પરવાનાની ખરાઈ કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત પરત્વે જણાવવાનું કે, કેટલાંક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી રજુઆત થઈ છે કે, ભારતીય સેનામાંથી નિવૃત્ત થઈ વતનમાં તેમની સાથેનાં સ્વરક્ષણ માટેનાં હથિયાર પરવાનાની સરનામા ફેરની નોંધ કરાવવા કરવા માટે એક્સ આર્મીમેનો તરફથી તેમની અરજી રજુ થાય છે જેની સરનામા ફેરની નોંધ કરાવવા કરવા સંબંધે સંબંધિત પોલીસ ખાતાનો અભિપ્રાય તથા જે તે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તરફથી પરવાનાઓ ઈસ્યુ થયેલા હોય તેના એન. ઓ. સી. મંગાવી ત્યારબાદ ખાત્રી કરી તેમની ઓ.ડી.આર. રજીસ્ટરે આવા પરવાનાઓની નોંધ કરી રીન્યુ વિગેરે કાર્યવાહી કરવામાં આવે છે.

પરંતુ આવા પરવાનાઓમાં મોટા ભાગનાં પરવાનાઓ જમ્મુ કાશ્મીર રાજ્યનાં જિલ્લા મેજી. તરફથી ઈસ્યુ કરવામાં આવેલા હોય છે, જેથી આવા પરવાનાઓમાં **પરવાનાનો હદ વિસ્તાર સમગ્ર ભારતનો હોય છે. એટલે કે જમ્મુ અને કાશ્મીર સહીતનો હોય છે.**, જ્યારે જે તે રાજ્યનાં ગૃહ વિભાગ તરફથી અગર અન્ય રાજ્યો તરફથી સામાન્ય રીતે હથિયાર પરવાનાનો હદ વિસ્તાર સમગ્ર ભારકત(જ.કા.) સિવાયનો મંજુર કરવામાં આવે છે. તેમજ જમ્મુ કાશ્મીર સહીત હદ વિસ્તાર અન્ય પરવાનામાં પ્રતિબંધિત છે. જેથી એક્સ આર્મીમેનો તરફથી તેમને ત્યાં રજુ થતા પરવાનાનો હદ વિસ્તાર સમગ્ર ભારતનો હોય છે. તો આવા પરવાનાઓની નોંધ તેમનાં ઓ.ડી.આર. રજીસ્ટરે કરવામાં આવે છે જેનો હદ વિસ્તાર સમગ્ર ભારત કરી નોંધવો કે જમ્મુ કાશ્મીર સિવાયનો નોંધવો તે બાબતે માર્ગદર્શન માંગવામાં આવે છે.

**ઉક્ત રજુઆત બાબતે નીચે મુજબની કાર્યવાહી જરૂરી છે.**

મીલેટ્રીમાં ફરજ બજાવતા કર્મચારી/અધિકારીઓનાં હથિયાર પરવાનાનો હદ વિસ્તાર સમગ્ર ભારતનો કરવાની સત્તા રાજ્ય સરકારને છે. પરવાનેદારશ્રીના આવા પરવાના બાબતે જમ્મુ કાશ્મીરનાં ગૃહ મંત્રાલય પાસેથી નીચે નોંધમાં સૂચવ્યા મુજબની વિગતો મેળવવી.

જમ્મુ કાશ્મીર રાજ્ય પુરતો કે તેના જિલ્લા પુરતો હદ વિસ્તાર હોય તો જે તે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે જેમણે પરવાનો કાઢી આપેલ હોય તેમની પાસે પરવાનાની ખરાઈ (jenuinness) કરાવી લેવી. ઉપર મુજબની ખરાઈ મેળવી જો પરવાનો ખોટો/બનાવટી જણાય તો તેના કારણો આપીને પરવાનાની નોંધ ન કરવી, જો પરવાનો સાચો હોય તો (ભારત સરકારનાં તા.૪/૭/૧૯૮૯ના પત્ર નં. V-11026/8/89-ARMS મુજબ પરવાનેદારને તેમનાં પરવાનાનો હદ વિસ્તાર રાજ્ય પુરતો/ જિલ્લા પુરતો જરુરી જણાય તો જિલ્લા કે રાજ્યનો કરવો. ત્યારબાદ પરવાનેદારને પરવાનાનો હદ વિસ્તાર રાજ્ય ઉપરાંતનો અન્ય રાજ્યો કે સમગ્ર ભારતનો કરવાની જરૂર જણાય તો ગૃહ વિભાગનાં તા.૧૪/૫/૨૦૦૯ના પરિપત્ર નં.હદપ/૧૦૦૮/૩૮૪૪૬/મની જોગવાઈ મુજબ કે રાજ્ય સરકાર તરફથી વખતો વખત આપવામાં આવતી સૂચનાઓ ધ્યાને લઈને હદ વિસ્તાર વધારવા ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને દરખાસ્ત કરવી. **આર્મ્સ રૂલ્સ ૧૯૬૨ નો નિયમ–૫૦ માં જમ્મુ કાશ્મીર રાજ્ય માટેનું લાઈસન્સ આપવા માટે તેઓની પુર્વ સંમતિની જોગવાઈ કરેલ છે.**

જમ્મુ કાશ્મીર રાજ્ય કે અન્ય રાજ્યોમાંથી જેઓએ હથિયાર પરવાના કઢાવ્યા છે. તેને જિલ્લા મેજી.શ્રીનાં કે પોલીસ કમિશ્નરશ્રીનાં રજીસ્ટરમાં ચડાવતા પહેલાં જયાંથી પરવાના કઢાવ્યા છે તે જિલ્લા મેજી.શ્રી/પોલીસ કમિશ્નરશ્રીએ કાઢી આપેલ છે કે કેમ ? તે માટે વેરીફીકેશન બાદ ખાતરી થાય કે આ પરવાનો બનાવટી નથી તો તેમના દફતરે નોંધી ઉપર જણાવ્યા મુજબ ભારત સરકારની સુચના મુજબ જિલ્લા કે રાજ્યનો હદ વિસ્તાર સિમિત કરી શકે છે અને **સમગ્ર ભારતનો હદ વિસ્તાર હોય તો જમ્મુ કાશ્મીર સરકારની પાસે બારોબાર નીચે મુજબનાં મુદ્દાઓનું વેરીફીકેશન મેળવી શકે છે.:–**

1. Details of permission granted by State Government for extension of area of license as All India/Inter State (Number and Date)
2. Address of the license holder in the record of State Government.
3. Whether signatory of the All India/Inter State license is empowered officer or not.

P.T.O.

જયાં સુધી જે તે  રાજય તરફથી ઓલ ઈન્ડીયા/એકથી વધુ રાજ્યના હદ વિસ્તારનાં પરવાનાની ખરાઈ થાય નહી કે રાજય/જિલ્લા પુરતો પરવાનો  છે તે જે તે જિલ્લ્લા  મેજીસ્ટ્રેટશ્રીએ કાઢી આપેલ છે તેની ખરાઈ થાય નહી ત્યાં સુધી પરવાનો સાચો છે કે બનાવટી તે જાણ્યા પછી પરવાનો સાચો જણાય તો જ જિલ્લા/શહેરમાં  ટેકન ઓવર કરવો.

પરવાનો જો જે તે રાજયનાં   જિલ્લા કે રાજય પુરતો હોય તો પરવાનો કાઢી આપનાર જે તે રાજયના જે તે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/પોલીસ કમિશનરશ્રી પાસેથી પરવાનાની સત્યાર્થતા બાબતમાં નીચે મુજબની વિગતો મેળવવી :–

1. Details of permission granted by Distric Magistrate/Police Commissioner granting of license as District/State (No. and Date)
2. Address of the license holder in the record of District Magistrate/Police Commissioner.
3. Whether signatory of the District/State license is empowered officer or not.

<u>આ ઉપરાંત ગૃહ વિભાગનાં તા.20-1-2000નાં પરિપત્ર નં.હથપ/1098/3667/મથી હથિયાર પરવાના ટેકન ઓવર કરતાં પહેલાં ખરાઇ કરવા માટે નીચે મુજબની વિગતનો પરિપત્ર સર્વે લાયસન્સીંગ અધિકારીઓને રવાના કરેલ છે :-</u>

" ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ, અમદાવાદ(રુરલ) ક્રીમીનલ કેસ નં.૨૮૩૮/૯૧ શ્રી ઈ. એ. સીગ, પો.ઈ., વેજલપુર પોલીસ સ્ટેશન વિરુધ્ધ જહાંગીર પટેલ અને અન્ય સાત વ્યકિતઓના કેસમાં નામ. કોર્ટે તા.૨૯–૪–૯૫ના રોજ આપેલ ચુકાદા અન્વયે ગુજરાત તકેદારી આયોગે હથિયાર પરવાના આપવાની પધ્ધતિ અંગે તેમજ પરપ્રાંતમાંથી ઈસ્યુ થતા  પરવાનાની ચકાસણી માટેની પધ્ધતિ અંગે કાળજી રાખવા ભલામણ કરેલ છે.

આથી આ બાબતમાં અન્ય લાયસન્સીંગ ઓથોરીટી (ખાસ કરીને પરપ્રાંતના) ધ્વારા મંજુર કરવામાં આવેલ હથિયાર પરવાના ટેકન ઓવર કરાવવા માટે રજુ કરવામાં આવે ત્યારે તે ટેકન ઓવર કરતાં પહેલાં આર્મ્સ રુલ્સ–૧૯૬૨ની નિયમ–૫૦ તેમજ હથિયાર પરવાનગી શરત નં.૧૨ ની જોગવાઈ અનુસાર મૂળ પરવાનો મંજુર કરનાર અધિકારી પાસેથી "નો ઓબ્જેકશન" પ્રમાણપત્ર અચુક મેળવવું. ત્યારબાદ પણ જરુરી જણાય તો ઝીણવટ પુર્વક પુરેપુરી તપાસ કરીને જ આવા હથિયાર પરવાના ટેકન ઓવર કરી આપવા વિચારણા કરવી. પરપ્રાંતમાંથી ઈસ્યુ થયેલ હથિયાર પરવાના ટેકન ઓવર કરી આપવાની બાબતમાં ખુબજ ચોકસાઈ રાખવા આથી સર્વે લાયસન્સીંગ અધિકારીઓને જણાવવામાં આવે છે. "

આમ, આ બાબતમાં અગાઉ જરુરી પરિપત્ર બહાર પાડેલ છે જ આમ છતાં ઉપર સૂચવ્યા મુજબની વિગતો મંગાવવી અને જયાં સુધી જમ્મુ કાશ્મીરના કે અન્ય રાજયનાં  સંબંધિત જિ.મે.શ્રી પોલીસ કમિશનરશ્રી વ્દારા જિલ્લા કે રાજયના પરવાનાની ખરાઈ થાય નહી ત્યાં સુધી પરવાનો સાચો છે કે બનાવટી તે જાણ્યા પછી પરવાનો સાચો જણાય તો જ જિલ્લામાં ટેકન  કરવો અને સમગ્ર ભારતનો કે એક કરતાં વધુરાજયોનો હદ વિસ્તાર વધારેલ હોય તો સંબંધિત રાજયનાં ગૃહ વિભાગ વ્દારા ખરાઈ થાય નહી ત્યાં સુધી જિલ્લામાં ટેકન ઓવર કરવો નહી.

આપનો વિશ્વાસુ,

(કિશોર મોઢા)
સંયુકત સચિવ,
ગૃહ વિભાગ.

**<u>નકલ રવાના</u>**

સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી:-

**<u>નકલ</u>**

સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
શાખા સિલેક્ટ ફાઇલ.